## દુર્લભ વન્ય પ્રાણી 'વનીયર' તાંત્રિક વિધિ માટે શિકાર કરનાર શિકારી ઝડપાયો



અરવલ્લીની ગીરીમાળાઓમાં મોટી સંખ્યામાં વન્ય પ્રાણીઓ વસવાટ કરી રહ્યા છે ધીરે ધીરે જંગલો નામશેષ થતા વન્ય પ્રાણીઓ માનવ વસવાટ તરફ ધસી આવતા હોય છે ત્યારે દુર્લભ અને નિશાચર પ્રાણીની શ્રેણીમાં આવતું વનીયર નામના પ્રાણીનો શિકાર મેઘરજ પંથકમાં થતા વનવિભાગ તંત્ર સફાળું જાગ્યું હતું અને ગણતરીના દિવસોમાં શિકારી પુનમનાથ જાફરનાથ મદારીને બાઈક સાથે દબોચી લીધો હતો હાલ મૃતક વનીયર પ્રાણીનો શિકાર તેનું માંસ ખાવા કર્યો હોવાનું રટણ કરી રહ્યો છે. વનીયર પ્રાણીનો તાંત્રિક વિધિમાં ઉપયોગ થતો હોવાથી તેના હજ્જારો રૂપિયા ઉપજતા હોવાથી શિકારીઓ તેનો શિકાર કરવા રાત્રીના સુમારે જંગલોમાં ભટકતા હોય છે મેઘરજ આરએફઓ ડામોર બેને થોડા દિવસ અગાઉ તેમની રેન્જમાં વેનીયર પ્રાણીનો શિકાર થતા આ અંગે સઘન તપાસ હાથધરી વનીયાર પ્રાણીનો શિકાર કરનાર પુનમનાથ જાફરનાથ મદારી નામનો શિકારી વધુ વન્ય પ્રાણીનો શિકાર કરે તે પહેલા બાઈક સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

## કોરોનાનો ભરડો : હિંમતનગર તાલુકામાં ૧૨, ખેડબ્રહ્મા-૩, પ્રાંતિજ-૨ કેસ નોંધાયા



સાબરકાંઠા જિલ્લામાં કોરોનાની ચોથી લહેર પીક ઉપર હોવાની આશંકા સેવાય છે. બુધવારે હિંમતનગર તાલુકામાં નવા ૧૨, ખેડબ્રહ્મા-૩, પ્રાંતિજ-૨ અને તલોદમાં ૧ કેસ સામે આવ્યો છે. તમામ દર્દીઓને હોમ આઈસોલેશનમાં મૂકવામાં આવ્યા છે અને આસપાસના વિસ્તારોમાં આરોગ્યની ટીમો દ્વારા સર્વેલન્સ શરુ કરવામાં આવ્યું છે. જિલ્લામાં સારા વરસાદ પછી મચ્છરજન્ય અને પાણી જન્ય રોગચાળો વકરે તેવી આરોગ્ય વિભાગને આશંકા હતી પરંતુ જિલ્લામાં દરરોજ કોરોનાના વધતા કેસથી આરોગ્ય વિભાગની દોડધામ અનેક ગણી વધી ગઈ છે. ખાસ કરીને હિંમતનગર અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કેસમાં સતત ઉછાળો આવતાં શૈક્ષણિક સંકુલો સુધી કોરોના ન પહોંચે તેની ચીવટ રાખવી જરૂરી છે અન્યથા કોરોના બ્લાસ્ટની આશંકા પણ સેવાઈ રહી છે. હિંમતનગરના હડીયોલ, ચિત્રકૂટ સોસાયટી, રાજપુર, સિદ્ધાર્થનગર, શાંતિપાર્ક સોસાયટી, સરકારી મેડીકલ કોલેજ કેમ્પસ, સાબરડેરી, અંજલીપાર્ક, વિનાયકનગર, વક્તાપુર, સાબર સોસાયટી, ખેડબ્રહ્માના પ્રજાપતિવાસ, પોલીસ સ્ટેશન નજીક, અંબાજી ચોક, પ્રાંતિજના સીતવાડા, આસ્થા વિનાયક સોસાયટી અને તલોદના વણકરવાસમાં કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

## અમીરગઢના લક્ષ્મીપુરા નજીક પાલનપુરના ૧૦ શખ્સો જુગાર રમતાં ઝડપાયા



અમીરગઢ તાલુકાના લક્ષ્મીપુરા નજીકથી બનાસકાંઠા એલસીબીની ટીમે જુગાર રમતાં પાલનપુરના ૧૦ શખ્સોને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૬૮,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠા એલસીબીની ટીમે અમીરગઢ તાલુકાના લક્ષ્મીપુરા ગામના વ્હોળામાં ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં જુગાર રમતાં પાલનપુર રબારીવાસનો પ્રવિણકુમાર તેજાભાઈ દેસાઈ, મફતપુરાનો હરેશકુમાર ઉર્ફે જીગો દલાભાઈ પરમાર, કંથેરીયા હનુમાન વિસ્તારનો કાંતિભાઈ અમરાભાઈ ચૌહાણ, શાંતિનગરનો દિનેશભાઈ અમરતભાઈ પરમાર, વિરબાઈગેટનો ભરતભાઈ પોપટભાઈ ઓડ ઠાકોર, બહાદુરગંજનો પરવેજખાન ઉસ્માનખાન પઠાણ, સલેમપુરા દરવાજાનો કમલેશભાઈ ગોદડભાઈ સોલંકી, મફતપુરાનો અયુબખાન જાફરખાન પઠાણ, ફિરોજખાન ઈસ્માઈલખાન પઠાણ અને ખારાવાસના રઈસખાન ફરીદમીયા શેખને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રૂપિયા ૩૨,૦૦૦, રૂપિયા ૩૬,૫૦૦ના મોબાઈલ ફોન નંગ ૮ મળી કુલ રૂપિયા ૬૮,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બનાસકાંઠામાં ત્રિપલ તલાક આપનાર પતિ સસ્પેન્ડ...



૩ વર્ષ પૂર્વે મુસ્લિમ મહિલાને ત્રિપલ તલાક આપનાર દાંતીવાડા સિંચાઈ કાર્યપાલક ઈજનેરને સિંચાઈ વિભાગએ સળંગ ફરજ મોકૂફી કરી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ૨૦૧૯માં થયેલી ફરિયાદ બાદ કોર્ટે એક વર્ષની સજા આપતા સિંચાઈ વિભાગ એ કાર્યવાહી કરી છે. જોકે પીડિતાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે નોકરીમાંથી કાયમી બરતરફ કરવા જોઈએ..! સુજલામ સુફલામના નાયબ કાર્યપાલક ઈજનેર સરફરાજખાન મહંમદખાન બિહારી વિરુદ્ધ પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ત્રણ તલાક મુદ્દે ગુનો દાખલ થયો હતો જે બાદ ચાલુ વર્ષે ચાર મહિના રોજ પાલનપુર કોર્ટે ૧ વર્ષની સજાનો હુકમ કર્યો હતો. જેબાદ નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ના ઉપસચિવ એ ગુજરાત રાજ્ય સેવા ના નિયમો મુજબ સળંગ ફરજ મોકુફીનો હુકમ કર્યો હતો. હુકમમાં જણાવ્યું હતું કે મહેસાણા સુજલામ સુફલામ અધિક્ષક ઈજનેરની કચેરી ની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહીં.જોકે સરફરાજ ખાન બિહારીના પત્નીએ મીડિયા ને પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે અમે સરકારનો આભાર માનીએ છીએ કે ત્રણ કલાકનો કાયદો લાવી.પરંતુ આરોપીને હજુ વધુ કડક સજા થવી જોઈએ. અને નોકરીમાંથી તેને બરતરફ કરવો જોઈએ.

### અરવલ્લી જિલ્લાની ભાજપ શાસિત અનેક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભડકાની દહેશત

# જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરી(આંજણા)નું ધારાસભ્ય બનવાનું સ્વપ્ન ભાજપને મોટું નુકસાન પહોંચાડશે

ગાંધીનગર, તા.૨૮

અરવલ્લી જિલ્લાની ભાજપ શાસિત બાયડ નગરપાલિકામાં ભડકા પછી અરવલ્લી જિલ્લા પંચાયત તેમજ અન્ય ૨ તાલુકા પંચાયતોમાં ગમે તે ઘડીએ ભડકાની દહેશત સેવાય છે. અનેક પદાધિકારીઓએ અવગણના થતી હોવાની જિલ્લા સંગઠન પ્રભારી તેમજ સંગઠન પ્રમુખને વિસ્તારથી રજૂઆતો કરી હોવા છતાં કોઈનું કશું સાંભળવાનું જ નહીં તેવી નીતિ અખત્યાર થઈ રહી છે. જ્યારે જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરીને મોડાસા વિધાનસભાના ધારાસભ્ય બનવાના અભરખા શરૂ થયા છે તેના કારણે ભાજપને આગામી વિધાનસભા ચૂંટણીમાં ત્રણેય બેઠકો ઉપર મોટું નુકસાન થઈ શકે છે.

અરવલ્લી જિલ્લામાં પેજ પ્રમુખ, શક્તિ કેન્દ્ર તેમજ સંગઠનની કામગીરીથી પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ પ્રભાવિત થયા છે અને જશ જિલ્લા સંગઠન પ્રમુખ ખાટી રહ્યા છે પરંતુ અંતરીયાળ વિસ્તારના કાર્યકરોની મહેનત કોઈને દેખાતી નથી. જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરી લાંબા સમયથી અનેક તાલુકાઓના પદાધિકારીઓ તેમજ ભાજપના સકીય કાર્યકરોની સાચી રજૂઆતો ઠેબે ચઢાવી રહ્યા છે. શ્રી કમલમ્ અરવલ્લીના લોકાર્પણ પછી મહાશયને પાંખો આવી હોય તે રીતે આગેવાન અને સક્રીય કાર્યકરોને પણ અનેક વખત હડધૂત કરતા હોય છે. બાયડ નગરપાલિકામાં બે દિવસ અગાઉ ભાજપના પદાધિકારીઓ વચ્ચે ગજગ્રાહ સામે આવ્યો તેનાથી હવે ભાજપની જિલ્લા તેમજ પ્રદેશની નેતાગીરીએ તાકીદે ચેતવા જેવું છે. બાયડ નગરપાલિકામાં ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, પક્ષના નેતા અને કેટલાક સભ્યોની ધરાર ઉપેક્ષા થતી હતી અને તેનો આ આક્રોશનો પ્રથમ આંચકો હોવાનું રાજકીય આંકલનકારો જણાવી રહ્યા છે. જિલ્લા સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ, જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરી સમક્ષ ૬ મહિના અગાઉ ફરિયાદ પહોંચી હતી અને ત્યાર પછી તબક્કાવાર અન્યાય અંગેની ફરિયાદો કરવા છતાં સાંભળ્યું નહીં તેનું પરિણામ જોઈ શકાય છે. જ્યારે અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભાજપના અનેક સભ્યો પણ પ્રમુખની મનમાની સામે હવે જાહેરમાં આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. આ જવાળામુખી પણ દિવાળી પહેલાં ફૂટે તેવી પૂરેપૂરી સંભાવના છે. મેઘરજ અને બાયડ તાલુકા પંચાયતમાં પણ ગમે ત્યારે વિસ્ફોટ થશે તેવું અભ્યાસુ નિરીક્ષકો માની રહ્યા છે.

### જિલ્લા સંગઠન પ્રભારીને માત્ર વાતો કરવામાં રસ

પ્રદેશ મંત્રી અને અરવલ્લી જિલ્લા સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈએ આજ સુધી ભાજપના સક્રીય કાર્યકરો અને પદાધિકારીઓના પ્રશ્નોના ઉકેલ લાવવા માટે કોઈ રસ દાખવ્યો નથી તેમને માત્ર પ્રદેશ અને જિલ્લાના સંગઠનમાં હોદ્દાનો અભરખો હોય તેવું ચિત્ર અત્યારે દેખાઈ રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ત્રણેય બેઠકો જીતવી હોય તો જિલ્લા સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈને તાબડતોબ બદલવાં પડશે અન્યથા જૂથવાદ વધુ વકરી શકે છે.

### સતત અવગણનાના કારણે બાયડ નગરપાલિકા ઉપપ્રમુખ છેલ્લે છેલ્લે શશીકાન્ત પંડ્યા સમક્ષ રડી પડ્યાં

બાયડ નગરપાલિકા પ્રમુખની મનમાનીથી કંટાળીને ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલે જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરી ત્યાર પછી જિલ્લા સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ સમક્ષ પોતાને થઈ રહેલા અન્યાય અંગે રડમસ થઈને અનેક વખત રજૂઆતો કરી હતી ત્યારબાદ ગયા મહિને બાયડ વિધાનસભા બેઠકની સ્થિતિ જાણવા આવેલા નિરીક્ષક ડીસાના ધારાસભ્ય શશીકાન્ત પંડ્યા સમક્ષ પણ ગાયત્રીબેન પટેલ બાયડ પાલિકામાં થઈ રહેલી તેમની ધરાર ઉપેક્ષાનો ચિતાર રજૂ કરતાં રડી પડ્યા હતા તે અગાઉ પ્રદેશ પ્રમુખ તેમજ પ્રદેશ મહામંત્રી સમક્ષ પણ ઉભરો ઠાલવી આવ્યા હતા છતાં પણ બાયડ પાલિકામાં પ્રમુખના મનસ્વી વર્તાવને રોકવામાં પ્રદેશ અને જિલ્લાની નેતાગીરી નિષ્ફળ રહી છે. તાજેતરમાં દેખાયેલો ભૂકંપ જવાળા મુખી બનીને ફાટી શકે છે.

### કારોબારી અધ્યક્ષે જિલ્લા સંગઠન પ્રમુખ સમક્ષ ૬ વખત રજૂઆત કરી

બાયડ નગરપાલિકામાં પ્રમુખ અને કારોબારી અધ્યક્ષ વચ્ચેનો ગજગ્રાહ સામાન્ય સભામાં બહાર આવ્યા પછી સમગ્ર અરવલ્લી જિલ્લા ભાજપ એકમમાં હડકંપ મચી ગયો છે. કારોબારી અધ્યક્ષ પ્રવિણ પટેલે બાયડ પાલિકા પ્રમુખની મનમાની અને કારોબારીની સત્તાઓ ઉપર પણ અંકુશ મેળવવાના તેમના પ્રયાસ અંગે જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરી(આંજણા) સમક્ષ ૬ વખત રજૂઆત કરી હતી પરંતુ કોઈ પગલાં ભરાયાં ન હતાં. ગત તા.૧૨ જુલાઈએ બાયડ ગાયત્રી મંદિરમાં યોજાયેલી બેઠકમાં પણ જિલ્લા સંગઠન પ્રમુખે બે દિવસ પછી તમને બોલાવીને ચર્ચા કરીશું તેવું આશ્વાસન આપ્યા પછી પણ સાંભળ્યા ન હતા. તે જ રીતે જિલ્લા સંગઠન પ્રભારીને બાયડ અને મોડાસામાં મળીને ૩ વખત બાયડ પાલિકા પ્રમુખની કામગીરી બાબતે રજૂઆત છતાં પગલાં ભરાયાં નથી. પ્રદેશ મંત્રી અને જિલ્લા સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈએ કારોબારી અધ્યક્ષ પ્રવિણ પટેલને સુરતની ભાજપની પ્રદેશ કારોબારી પછી અમે રૂબરૂ આવીને સાંભળીશું તેવું આશ્વાસન આપ્યું હતું તેવું પણ તેઓ ભૂલી ગયા છે જેથી આત્મસન્માન સતત હણાતું હોવાથી કારોબારી અધ્યક્ષે પ્રમુખ સામે મોરચો માંડ્યાનું છેલ્લા ૨ દિવસથી બાયડનગરમાં ચર્ચાઈ રહ્યું છે.

# જિલ્લામાં આગામી ગણેશ મહોત્સવને લાગશે મોંઘવારીનું ગ્રહણ

### મૂર્તિના ભાવમાં ૫૦ ટકાનો વધારો થવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વધતી જતી મોંઘવારીએ હવે આગામી સમયમાં આવનારા તહેવારોને પણ દઝાડે તેવું જણાઈ રહ્યું છે. ગણેશ ભક્તો દ્વારા અત્યારથી ગણેશ મહોત્સવની તૈયારી કરવામાં આવી છે પરંતુમૂર્તિના ભાવમાં આ વખતે ૫૦ ટકાનો ભાવ વધારો થવાની સંભાવના છે. ટ્રાન્સપોર્ટેશન તેમજ મૂર્તિ બનાવવા જરુરી સરસામાન મોંઘો થયો હોવાથી ગણેશ મહોત્સવને પણ મોંઘવારીનું ગ્રહણ લાગી શકે છે.

સરકાર દ્વારા ગણેશ મહોત્સવમાં મૂર્તિની ઉંચાઈના નિયંત્રણો હટાવી લેવાનો જિલ્લાના ગણેશ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આગામી સમયમાં શ્રાવણ માસના ધાર્મિક તહેવારો સાથે હવે ગણેશ મહોત્સવો નજીકમાં હોવાથી બંન્ને જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના ગણેશ મંડળો દ્વારા મહોત્સવની તૈયારીઓ શરુ થઈ છે પરંતુ મૂર્તિની ઉંચાઈના નિયંત્રણો હટ્યા પછી હવે વિવિધ સ્વરુપની મૂર્તિમાં તોતિંગ ભાવ વધારાની સંભાવના છે.



ટ્રાન્સપોર્ટેશન તેમજ મૂર્તિ બનાવવા માટે જરૂરી સામાન ઉપરાંત કલર કારીગરીના ભાવ વધ્યા છે. જ્યારે કારીગરોનો પગાર ખર્ચ પણ વધી ગયો છે જેથી ગણેશ મૂર્તિઓનું નિર્માણ કરનારા વ્યવસાયીકો આ વખતે મૂર્તિના ભાવમાં ૫૦ ટકા વધારો કરવા માટે મજબૂર છે. રાજ્ય સરકારે ગણેશ પ્રતિમાની ઉંચાઈના પ્રતિબંધ હટાવ્યા ત્યારથી ગણેશ મંડળો ઉત્સાહમાં આવ્યા છે ત્યારે હવે ગણેશ મહોત્સવને આડે દોઢ મહિનાનો સમયગાળી બાકી છે જેથી ઉંચા કદની મોંઘી મૂર્તિઓ તૈયાર કરવી કે કેમ..?? તે અંગે ખુદ મૂર્તિકારી અવઢવ અનુભવી રહ્યા છે. કોરોનાના કપરા કાળ પછી વધતી જતી મોંઘવારીએ પ્રજાને બેહાલ કરી નાખી છે. ત્યારે ગણેશ મહોત્સવમાં ઉંચા કદની મૂર્તિઓનું સ્થાપન કરવા માટેની છૂટ છતાં ભક્તોને હવે જો મૂર્તિના ભાવમાં ૫૦ ટકાનો ભાવ વધારો ઝીંકાશે તો મધ્યમ કદની મૂર્તિઓનું સ્થાપન કરી મહોત્સવ ઉજવવાની ફરજ પડી શકે છે. વર્ષોથી અન્ય રાજ્યોના કારીગરો ગણેશ મહોત્સવ પૂર્વે વિવિધ વિસ્તારોમાં ધામા નાખી આકર્ષક ગણેશ મૂર્તિઓ તૈયાર કરવાની શરુઆત કરી દેતા હોય છે. પરંતુ વર્તમાન વરસાદના માહોલમાં હજુ સુધી પરપ્રાંતિય મૂર્તિકારો દેખાયા નથી જ્યારે સ્થાનિક મૂર્તિકારોએ હાલ દશામાના વ્રત ઉપર ધ્યાન કેન્દ્રીત કરી દશામાતાની મૂર્તિઓની તૈયારીમાં ગુંથાયેલા જોવા મળે છે.

## અરવલ્લી : લઠ્ઠાકાંડ પછી પોલીસતંત્ર દેશી દારૂના વેપલો કરતા બુટલેગરો પર ત્રાટકી

### બુટલેગરો પણ સચેત બન્યા, પ્રોહીના ૩૦ થી વધુ કેસ

મોડાસા, તા. ૨૮

ગુજરાતમાં દારૂબંધીની વાતો વચ્ચે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પ્રમાણમાં દેશી-વિદેશી દારૂનો વેપલો થઈ રહ્યો છે ગુજરાતનું યુવાધન હવે એમડી ડ્રગ્સ અને ચરસ ગાંજાના નશામાં સપડાઈ રહ્યું છે દેશી દારૂનું દુષણ ગ્રામ્ય વિસ્તારોમાં અનેક પરિવારનો ભરખી ગયું છે બોટાદ જીલ્લામાં લઠ્ઠકાંડની ઘટના પછી સરકાર અને પોલીસતંત્રના માથે માછલાં ધોવાઈ રહ્યા છે સમગ્ર રાજ્યમાં દેશી દારૂની ભઠ્ઠીઓ અને વેપલો કરતા બુટલેગરો પર તવાઈ બોલવી છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર લઠ્ઠાકાંડ પછી હરકતમાં આવ્યું હોય તેમ બુટલેગરો પર ત્રાટકી રહી છે જીલ્લા પોલીસતંત્રએ ૨૪ કલાકમાં ૩૦ થી વધુ પ્રોહીબીશનના કેસ કર્યા છે જીલ્લામાં દેશી દારૂનો વેપલો કરનાર બુટલેગરો સચેત બનતા ભૂગર્ભમાં ઉતરી જતા પોલીસ ખાલી હાથે પછી ફરી રહી છે મોટા ભાગની રેડ નીલ સાબિત થઈ રહી છે. જીલ્લાના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂનો વેપલો થઈ રહ્યો હોવાનું અને નદીના કોતર વિસ્તારો અને છારાનગરમાં હજ્જારો લીટર દારૂ ગાળવામાં આવી રહ્યો હોવાનું જગજાહેર છે દેશી દારૂની બદી સામે પોલીસતંત્ર, રાજકીય અગ્રણીઓ, ગામલોકો અને સામાજીક આગેવાનો ચુપકીદી સાધી લીધી હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે



### નાના ડોડીસરામાં વૃદ્ધ મહિલાને સાપ કરડ્યો

## ગંભીર હાલતમાં સારવાર માટે વૃદ્ધાને હોસ્પિટલમાં ખસેડાયા

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૬

ભિલોડા તાલુકાના નાનાડોડીસરા ગામે ડૂંડ પરિવારના ૭૦ વર્ષિય વૃદ્ધાને ઝેરી સાપ કરડતાં ગંભીર હાલતમાં સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે ભિલોડા પોલીસે જાણવા જોગ નોંધ લીધી છે.

ચોમાસાના આરંભ સાથે સર્પોનો ઉપદ્રવ વધી ગયો છે. દરમાં પાણી ભરાઈ જતાં સર્પો કોપાયમાન થયા હોય તેમ સાપ કરડવાના બનાવ વધ્યા છે. તાલુકાના નાનાડોડીસરા ગામે તા.૨૪ના રોજ નાનીબેન ખીમજીભાઈ ડુંડ (ઉ.૭૦ વર્ષ)ને ઝેરી સાપ કરડતાં પરિવારજનો દ્વારા તાબડતોબ તેમને ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ સાપનું ઝેર વધુ માત્રામાં શરીરમાં ફેલાઈ જતાં હાલત વધુ ગંભીર થઈ હતી જેથી સર્પદંશનો ભોગ બનેલ વૃદ્ધાને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં બનાવ અંગે ભિલોડા કોટેજ હોસ્પિટલના ડ.ધ્રુવ ચૌહાણની ખબરના આધારે ભિલોડા પોલીસે જાણવા જોગ નોંધ લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ધનસુરા કેળવણી મંડળ સંચાલિત

## શ્રી આર.એસ.વી.જી પટેલ ગર્લ્સ હાઈસ્કુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૨૮

ધનસુરા કેળવણી મંડળ સંચાલિત શ્રી આર.એસ.વી.જી પટેલ ગર્લ્સ હાઈસ્કુલ માં ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ પટેલની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજાયો હતો. શાળાના ઈકો ક્લબ ઈન્ચાર્જ એન.એચ.ચૌહાણ દ્વારા શાળામાં ઔષધીય તેમજ અન્ય પ્રકારના વૃક્ષોના રોપા લાવવામાં આવ્યા હતા અને શાળાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ શાળા કેમ્પસમાં પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલ મંડળના હોદ્દેદારશ્રીઓ શાળા પરિવાર તેમ જ શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા શાળામાં વૃક્ષારોપણ સંપન્ન કરવામાં આવ્યું હતું ત્યારબાદ પ્રાર્થના સભામાં વૃક્ષોનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું



## ભિલોડા તાલુકાના સુનસર ગામનો કુદરતી સૌંદર્ય ધરાવતો ધોધ ખલ-ખલ વહેતો થયો સહેલાણીઓ દુર-દુરથી ઉમટ્યા

**ભોમીયા વિના મારે ભમવાતા ડુંગરા ને જંગલની કુંજ-કુંજ જોવાતી... મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોશીની મશહૂર કવિતાની પંકિત યાદ કરીને સહેલાણીઓ ભરપુર આનંદ માણે છે.**

ભિલોડા,તા.૨૮

અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે આવેલ ભિલોડા તાલુકાના સુનસર ગામ,સુનસર ગામ નું નામ આવે એટલે તરત જ લોકોના મગજમાં સુનસર નો ધોધ યાદ આવી જાય છે.ચોમાસાની ઋતુ શરૂ થાય એટલે લોકો ધોધ ચાલુ થવાની રાહ જોઈ ને બેઠા હોય અને જ્યારે ચોમાસુ જામે ત્યારે ત્રણ કે ચાર દિવસ વરસાદ ચાલુ રહે એટલે આ ધોધ શરૂ થાય છે.ધોધ તો વર્ષો થી પડે છે પણ હાલના સોશિયલ મીડિયા ના જમાનામાં છેલ્લા આઠ દસ વર્ષ થી આ ધોધ ખૂબ પ્રખ્યાત થયો છે. દૂર દૂર થી સહેલાણીઓ અહી ધોધ જોવા આવે છે અને આ ધોધ એમને "મીની કાશ્મીર" નો અહેસાસ કરાવે છે. ડુંગર ઉપર થી ત્રણ સ્ટેપ પર પાણી પડીને આહલાદક દશ્ય ઉત્પન્ન કરે છે તળેટી માં ધરતી માતાનું મંદિર આવેલ છે,જેમાં સ્થાનિક લોકો ખૂબ શ્રદ્ધા ધરાવે છે.

